વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં "રાઉન્ડ ધી ક્લોક" વોર્ડનની ૩૩ આઉટસોર્સની જગ્યાઓ પર સેવાઓ લેવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ANS/e-file/17/2023/3245/A Section

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા</u>:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૨/૨૦૨૫ નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૧૨/૨૦૨૫ નો પત્રાંક: DDCW/Outsource/e-file/225/2024/0553/Administrative

<u>પ્રસ્તાવના</u>:

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં "રાઉન્ડ ધી ક્લોક" વોર્ડનની ૩૩ જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૫ થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ. સદર આઉટસોર્સની જગ્યાઓની મુદ્દત પૂર્ણ થનાર હોઇ, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી ઉક્ત આઉટસોર્સની જગ્યાઓ પર વધુ ૧૧ માસ માટે સેવાઓ લેવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં "રાઉન્ડ ધી ક્લોક" વોર્ડનની ૩૩ આઉટસોર્સની જગ્યાઓ પર તા.૦૧/૦૨/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે કુશળ શ્રમયોગીઓને મળવાપાત્ર લઘુત્તમ વેતનદર મુજબ તથા નીચેની શરતોને આધીન સેવાઓ લેવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

(૧) આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પૂરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વમંજૂરી સિવાય મંજૂરીની અપેક્ષાએ કે પશ્ચાદવર્તી અસરથી મંજૂરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહીં.

(૨) આઉટસોર્સથી સેવા લેવા અંગેની મંજૂરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત સેવાઓ લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. જરૂર જણાયે સેવાઓ પૂરી થવાના ૦૩ માસ અગાઉ વિભાગ મારફત નાણા વિભાગની પૂર્વમંજુરી મેળવ્યા બાદ નિયત કાર્યપદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા:૨૭/૦૩/૨૦૦૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ, વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓ અનુસાર લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે. આ ઉપરાંત ઇપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચૂકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની રહેશે.

(૫) જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના

તા.૦૧/૦૪/૨૦૨૩ ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે.

(૬) એજન્સી દ્વારા નિયત થયા મુજબનું પૂરેપુરું મહેનતાણું નિયમિતપણે ચૂકવવામાં આવે તે અંગે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી પણ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.

(૭) આઉટસોર્સથી સેવા મેળવવાની હોવાથી નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજીક સેવાઓ, સબ સેક્ટર -ગ અનુ.જાતિ/ જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર - ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર - ૨૭૭ શિક્ષણ, પેટા સદર ૧૫ - OBC -૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો હેઠળ મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૨/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-

(સમીર ગરાસિયા)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા. અને અધિ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર. (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી (ઝ-૧ શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર- આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by: Samir Garasia
Section Officer
Date:2026.02.13
12:24:09 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign